૭૦

ગુજરાત સમરસ છાત્રાલય (કુમાર/કન્યા) જિ.આણંદમાં ખાળાકુવા અને અન્ય સમાર કામ માટે રૂ.૪૦.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સમછ/૧૦૧૭/૧૬૧૬૯૫(૪૫૩)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૭/૦૪/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૧૦/૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક: સમરસ/ છાત્રાલાય/ ૬૬૬-૬૭-૨૦૧૭

ઠ રા વઃ-

ગુજરાત સમરસ છાત્રાલય (કુમાર/કન્યા) જિ.આણંદમાં નવા ચાર ખાળાકુવા, ટોઇલેટ બ્લોક, કીચન, ચોકીદાર રૂમ, પાઇપ લાઇન, પાણીની ટાંકી અને અન્ય સમાર કામ માટે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ જિ. આણંદે સદર કામગીરી કરવા માટે ખર્ચ રૂ. ૪૦.૦૦ લાખના ખર્ચના અંદાજો રજુ કરેલ છે. સદરહુ કામ માટે ઉકત વંચાણે લીધાં ક્રમ (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના તા:૧૦/૩/૨૦૧૭ ના પત્રથી ગ્રાન્ટ ફાળવવા ની મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણા ને અંતે એકઝીક્યુટીવ કમિટીના અદયક્ષશ્રીને રૂ.૫૦.૦૦લાખ સુધીના મળેલ પાવરને ધ્યાને લઇ ગુજરાત સમરસ છાત્રાલય (કુમાર/કન્યા) જિ.આણંદમાં ખાળાકુવા અને અન્ય સમાર કામ માટે રૂ.૪૦.૦૦લાખ ગ્રાન્ટ ફાળવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગે બજેટ સદર બીસીકે-૨૫ -સરકારી કુમાર છાત્રાલય બાંધકામ અને બીસીકે-૨૬ સરકારી કન્યા છાત્રાલય બાંધકામ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની તા.૪-૪-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ,સરકીટ હાઉસ કમ્પાઉન્ડ જિ.આણંદ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિલ્લા સેવા સદન,આણંદ, જિ.આણંદ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ. જિ.આણંદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.આણંદ
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.